## ડાયરેક્ટ ❤ સે

ફર્ક બહુત હૈ
તૈરી
ઔર મેરી તાલીમ મેં
તુને ઉસ્તાદોં સે સીખા હૈ
મૈંને હાલાતોં સે

## જન્મદિને વધામણી



**શાંતિલાલ ઘોઘારી**
વેપારી અગ્રણી (રાજધાની હાર્ડવેર)
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૩૩૭૪૦



**ડી એન વાઘેલા**
એલઆઈસી રીટાયર પેન્શનર એસો.
મો. ૭૩૮૩૯ ૬૪૧૬૬



**સાગરદાન ગઢવી**



**રેણુબેન ઢીંગરા**
લાયોનેસ ક્લબ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# શ્રી જયપ્રકાશ વિદ્યાલય, ગાંધીનગર દ્વારા ગુરુવારે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી



સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન શાળાના શિક્ષક શંકરજી વિહોલ દ્વારા રસાળ શૈલીમાં કરવામાં આવ્યું હતું. આચાર્ય રાકેશભાઈએ સમાજમાં સ્ત્રીના સન્માન, સ્વમાન અને ગૌરવ સાચવવાની શીખ સૌને આપી હતી. દરેક બાળક ઘરમાં પોતાનાં માતા અને બહેનને મદદરૂપ થાય એવી શીખ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓના યોગદાનની વાતો ઘરે માતાથી શરૂ કરીને કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સનાં ઉદાહરણો આપીને તેમણે સમજાવી હતી. આ પ્રસંગે માનસિક વિશિષ્ટ બાળકોના શિક્ષક તરીકે ફરજરત રમીલાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળા સંચાલક દક્ષાબેન સુથારે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### લીંબોદ્રા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓની બૅટરી ચાર્જ થઈ

# લોકોનું સાંભળશો તો પછડાશો પ્રગતિ કરવી હોય તો બહેરા બનો





ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના લીંબોદ્રા ગામે સ્થિત શ્રી પીપીઆર શાહ હાઈસ્કૂલ ખાતે ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા સહ મોટીવેશનલ સ્પિચનો કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત હતા. એમણે અનેક બોધવાર્તા સાથે ખૂબ સરળતાથી વિદ્યાર્થીઓની બૅટરી ચાર્જ કરી દીધી હતી. જિંદગીમાં ટકા જ સર્વસ્વ નથી પણ ટકા વગર ઍડમિશન પણ નથી એમ કહેતાં તેમણે જણાવ્યું હતું કે લોકો તો તમને જાતજાતની સલાહ આપી પછાડવાનું કામ કરશે, તમારે જે બનવું હોય એ બનવા 'બહેરા' બનીને લાગી પડો.

આ પ્રસંગે પ્રૉ. ડૉ. ઊર્વી અમીન પણ ઉપસ્થિત હતાં એમણે હિન્દી ફિલ્મોના યાદગાર ડાયલૉગ્સ સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમ સાથે નિવૃત્ત શિક્ષક બળદેવભાઈ નાયીનું સન્માન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને શ્રીફળ-સાકર આપી શુભેચ્છા આપવામાં આવી હતી. ધોરણ-૧૨ અને ૧૦ના દરેક વિદ્યાર્થીને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

પોઝીટીવ વાતોથી યાદગાર બનેલા પ્રસંગની પૂર્ણાહુતિ આચાર્ય તેજસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્યાયામ શિક્ષક વિશાલ થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના અગ્રણીઓ વિદ્યાર્થીઓને શુભકામનાઓ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

# જીઆઈપીઍસના વિદ્યાર્થીઓ ગાંધી આશ્રમની મુલાકાતે




ગાંધીનગર, તા. ૯


ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા ગાંધી આશ્રમ, અમદાવાદની મુલાકાતનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં ધોરણ-૮ (અંગ્રેજી-ગુજરાતી માધ્યમ) અને કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ બોર્ડના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાબરમતી નદીના કિનારે સ્થિત ગાંધી આશ્રમના આગવા મહત્ત્વ વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવનની ઝાંખી ઉપરાંત ગાંધીજીના સ્વદેશી, સત્ય, અહિંસા, ધર્મપરાયણતા જેવા ૧૧ મહાવ્રતો વિશે માહિતી પણ વિદ્યાર્થીઓએ મેળવી હતી. વિદ્યાર્થીઓએ આ વ્રતોને પોતાના જીવનમાં પાળવાનો સંકલ્પ પણ કર્યો હતો.





ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સરગાસણ ખાતે ગુરુવારે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડની ઉપસ્થિતિમાં વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત વાલીઓને ફી અધિનિયમ અને તેના અમલ સંબંધિત સમજૂતી વિગતે આપવામાં આવી હતી. વાલીઓને આ વિગતોથી સંતોષ થયો હતો અને તેઓ સાચી પરિસ્થિતિથી વાકેફ થયા હતા. આ મીટિંગમાં શાળાના પ્રમુખ વી વી વૈષ્ણવ, આચાર્ય અને સુપરવાઈઝર ઉપસ્થિત રહ્યા હતા.

# સિધ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરનો વાર્ષિક દિન ટાઉનહૉલમાં ઉજવાયો



સિધ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગરનો ૨૮મો વાર્ષિક દિન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ આ પ્રસંગે કરવામાં આવી હતી.

# NEETનાં ફોર્મ ભરતી વખતે આધારકાર્ડ નહીં માગવા આદેશ

ગાંધીનગર, તા. ૯

'નીટ' માટેના ફોર્મ ભરતી સમયે વિદ્યાર્થીઓ જોડેથી આધારકાર્ડ અથવા તો આધારકાર્ડ એનરોલમેન્ટ નંબર વિના જ ફોર્મ સ્વીકારવાનો વચગાળાનો આદેશ હાઈકોર્ટે કર્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશને ધ્યાનમાં રાખતા આ આદેશ કરવામાં આવ્યો છે અને કેસની વધુ સુનાવણી ૧૮મી માર્ચના રોજ રાખવામાં આવી છે. પરીક્ષા આપનારા કેટલાક વિદ્યાર્થી વતી હાઈકોર્ટમાં અરજી થઈ હતી. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે, 'ચાલુ વર્ષે 'નીટ' માટે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓ પાસેથી આધારકાર્ડ અથવા તો આધારકાર્ડ એનરોલમેન્ટ નંબર માગવામાં આવે છે જે અયોગ્ય છે.

# કટ ઓફ કરતાં ઓછી ફી લેતી શાળાએ દર વર્ષે એફિડેવિટ કરવાની રહેશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સરકારે ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) એક્ટનો અમલ કર્યો છે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર ફી નિયમન અધિનિયમની કલમ ૯(૧) હેઠળ શાળાઓ માટે મુક્તિ મર્યાદા (વાર્ષિક ફી) નક્કી કરી છે જેમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળા માટે રૂા.૧૫ હજાર, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (સામાન્ય પ્રવાહ) માટે રૂા.૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ)માટે રૂ.૩૦,૦૦૦ની ફી જાહેર કરી છે. આ મર્યાદા એ માત્ર કટ ઓફ લિમિટ છે. આ લઘુત્તમ કે મહત્તમ ધોરણ નથી એમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

લિમિટ કરતાં ઓછી ફી લેતી શાળાઓએ દર વર્ષે એફિડેવિટ કરવાની રહેતી હોઈ, વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષ માટે તા.૧૪/૦૩/૨૦૧૮ સુધીમાં ફોર્મ-૪માં એફિડેવિટ કરવાની રહેશે. કાયદાનો અમલ વર્ષ ૨૦૧૭-૧૮ શૈક્ષણિક વર્ષથી કરવાનો થતો હોવાથી, જાહેરનામામાં દર્શાવેલી લિમિટ કરતાં વધુ ફી લેતી શાળાઓએ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે દરખાસ્ત કરેલી નથી, તેવી શાળાઓએ તા. ૧૪/૦૩/૨૦૧૮ સુધીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ ૨૦૧૮-૧૯ માટે ફી નિર્ધારણ માટેની દરખાસ્ત હિસાબો સહિત (ફોર્મ-૨માં) રજૂ કરવાની રહેશે. જે શાળાઓએ અગાઉ વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફી નિર્ધારણ અંગે દરખાસ્ત કરેલી હોય અને તેવી દરખાસ્તો અંગે ફી નિયમન સમિતિમાં હુકમ અર્થે પડતર હોય, તેવી શાળાઓએ પુનઃદરખાસ્ત કરવાની જરૂરિયાત નથી. પરંતુ આવી શાળા જો કોઈ વધારાના દસ્તાવેજો રજૂ કરવા માંગતી હોય તો તા. ૧૪/૩/૨૦૧૮ સુધીમાં રજૂ કરી શકશે. આવા દસ્તાવેજો અંગે અગાઉની દરખાસ્તનો સંદર્ભ અવશ્ય દર્શાવવાનો રહેશે.

# શ્રી જયપ્રકાશ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા વિધાનસભાની મુલાકાત લેવાઈ



શ્રી જયપ્રકાશ વિદ્યાલય, ગાંધીનગરના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ અજિતસિંહ સોલંકીના આયોજનમાં વિધાનસભાની મુલાકાત લીધી હતી. અહીં તેમણે વિધાનસભા ગૃહની કામગીરીનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. રિનોવેટ થયેલી વિધાનસભાના વિવિધ વિભાગોની મુલાકાત લઈને લોકશાહી પ્રણાલીમાં વિધાનસભામાં શાસક અને વિપક્ષની ભૂમિકાની સમજ તેમણે કેળવી હતી. પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં વિધાનસભા ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે તે તેમણે રૂબરૂ નિહાળ્યું હતું. આચાર્ય રાકેશભાઈ અને ટ્રસ્ટી અંકિતભાઈ સુથાર તથા શરદભાઈ પટેલે વિદ્યાર્થીઓ માટે વાહન વ્યવસ્થા ગોઠવી હતી.

# "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" અને "વિશ્વ કિડની દિવસ" ઉજવણી

ગાંધીનગર, તા. ૯

"કડી સર્વ વિશ્વવિદ્યાલય" દ્વારા સંચાલીત એલ.ડી.આ.ર.પી. - આઈ.ટી.આર., ગાંધીનગરમાં "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ" અને "વિશ્વ કિડની દિવસ" ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે "સર્વ નેતૃત્વ" તથા "રાષ્ટ્રીય સેવા યોજના" દ્વારા પ્રોજેક્ટ "હેલ્થી કેમ્પસ" નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમનું આયોજન "કડી સર્વ વિશ્વવિદ્યાલય", "સર્વ નેતૃત્વ", "રાષ્ટ્રીય સેવા યોજના", "નાર્કોટિક નિયંત્રણ બ્યુરો (અમદાવાદ)", "શતાયુ" અને "ગીફ્ટીંગ લાઈફ ફાઉન્ડેશન" સંયુકત ઉપક્રમે થયો હતો.

"કડી સર્વ વિશ્વવિદ્યાલય"ના બે વિદ્યાર્થીઓ રોનક કડીયા અને સંકેત પટેલ દ્વારા આ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી હતી. અત્યાર સુધી આ પ્રોજેક્ટમાં ૪ કાર્યક્રમોનું આયોજન કરીને કુલ ૧૯૦૦ વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત "સર્વ નેતૃત્વ" ના ૩ કાર્યક્રમોમાં ૧૮૦ વિદ્યાર્થીઓ આ પ્રોજેક્ટ



જોડાવા માટે અને આ પ્રોજેક્ટને વધુ આગળ લઈ જવા તાલીમ આપવામાં આવી હતી.

"સર્વ નેતૃત્વ" તથા "રાષ્ટ્રીય સેવા યોજના" દ્વારા પ્રોજેક્ટ "હેલ્થી કેમ્પસ"ની શરૂઆત તારીખ ૨૧/૦૯/૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમની શરૂઆત માં શ્રી સંકેત પટેલ (Sanket Patel) પ્રોજેક્ટ "હેલ્થી કેમ્પસ (Healthy Campus)"ના હેતુઓ (ઉદ્દેશ્યો) અને ફાયદાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમના પ્રથમ વક્તા શ્રી મૌલિક શાહ (પ્રોજેક્ટ કોઓર્ડિનેટર, શતાયુ) અંગ-દાનના વિષય પર જાગૃત કરતા જણાવવું હતું કે "ભારતમાં અંગદાનનું પ્રમાણ ખૂબ જ ઓછું છે ત્યાં જ બીજી બાજુ અંગો નિષ્ફળ (Organ Failure cases) થવાના બનવોમાં વધારો જોવા મળે છે." આ વિષય પર વધુ માહિતી આપતા તેમણે જાણવું હતું કે "જો કોઈ એક વ્યક્તિ અંગો દાન કરે તો તે ઓછામાં ઓછા ૯ લોકોના જીવનને બચાવી શકે છે." તેમણે કોમા (Coma) અને મગજના મૃત્યુ (Brain Death) વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. આ ઉપરાંત તેમણે જણાવવું હતું કે મગજના મૃત્યુ પછી કિડની, યકૃત, ફેફસા, સ્વાદુપિંડ, આંતરડા, હાર્ટ વગેરે દાન કરી શકાય છે.

આ કાર્યક્રમના છેલ્લા અને યુવાન વક્તા શ્રી રોનક કડીયા (Ronak Kadia)એ જણાવ્યું હતું કે "સમગ્ર વિશ્વમાં બ્લડ પ્રેશર (બી.પી.), ડાયાબિટીસ, કોલેસ્ટેરોલ વગેરે નો મૃત્યુ દર ધૂમ્રપાન, બીડી, તમાકુનો, નશીલી (માદક) પદાર્થોનો દુરુપયોગ અથવા સેવન કરનારા લોકોના મૃત્યુ દર કરતા વધારે છે. તેથી યુવાનોને પોતાના સ્વાસ્થ્ય વિશે જાગૃત થવું પડશે." સમગ્ર કાર્યક્રમમાં ઘણી રમતોનો સમાવશે કારને યુવાનોને તંદુરસ્ત અને સ્વસ્થ જીવન જીવવા માટે જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૨૮૦ કરતા વધુ વિદ્યાર્થીઓને જાગૃત કરીને જોડવામાં આવ્યા છે. આ બધા વિષય પર, વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેના જવાબ આપી વધુ ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રોજેક્ટ, "કડી સર્વ વિશ્વવિદ્યાલય" દ્વારા સંચાલિત તમામ કોલેજો અને શાળાઓમાં કાર્યક્રમો કરીને જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ તથા કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. ગાર્ગી રાજપરા (આચાર્યશ્રી), બેલા શ્રીમાલી, કૃતિ ઠાકોર, રોનક કડીયા, અને સંકેત પટેલ દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી. યુનિવર્સિટીના ચેરમેન વલ્લભભાઈ પટેલ તથા કોલેજોના આચાર્યોએ આવા સરસ પ્રોજેક્ટની શરૂ કરવા બદલ "કડી સર્વ વિશ્વવિદ્યાલય"ના વિદ્યાર્થી "રોનક કડીયા", "સંકેત પટેલ" અને "હેલ્થી કેમ્પસ (Healthy Campus)"ના તમામ સભ્યોને (ટીમ મેમ્બરને) અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.